# યુવાન કોઈને મળવા નીકળ્યો, બાદ ભેદી સંજોગોમાં નહેરમાં ગરકાવ !

**કડોદનો** યુવાન જેનીલ 2 દિવસ પહેલાં ગુમ થયો હતો

**પરિવારે** પ્રેમ પ્રકરણની આશંકા વ્યક્ત કરી



માંડવી: માંડવી નજીક કેવડિયા વિસ્તારમાંથી પસાર થતી કાકરાપાર જમણા કાંઠા નહેરના પુલ પરથી ૨૫ વર્ષીય યુવક ભેદી સંજોગોમાં પાણીમાં ગરકાવ થઈ જતાં સમગ્ર પંથકમાં સનસનાટી ફેલાઈ છે. બનાવને ચાર દિવસ વીતી ગયા છતાં યુવકનો કોઈ પત્તો નહીં લાગતાં શંકાઓ જન્મી છે.

કડોદ ગામે ખોખર ફળિયામાં રહેતા જેનીલકુમાર અશ્વિનકુમાર લાડ (ઉં.વ.25) ગત તા.15 ફેબ્રુઆરીએ સાંજે અંદાજે 7:15 વાગ્યે અરેઠ-બૌધાન માર્ગ પર આવેલા નહેરના પુલ પાસે પહોંચ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના કહેવા મુજબ અચાનક જ યુવક ઊંડા અને વેગવાળા પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. યુવકના પિતા અશ્વિનકુમાર ઈશ્વરભાઈ લાડે તા.17 ફેબ્રુઆરીએ માંડવી પોલીસ મથકે પુત્ર ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પરિવારજનોએ પ્રેમપ્રકરણને લઈ કોઈ ગૂંચવણ હોવાની શંકા વ્યક્ત કરી હોવાનું સૂત્રો જણાવે છે.

હાલ પોલીસ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા નહેરમાં સઘન શોધખોળ હાથ ધરાઈ છે, છતાં સફળતા હાથ લાગી નથી. મોબાઈલ લોકેશન, કોલ ડિટેઇલ્સ તેમજ જેને મળવા યુવક ગયો હતો તેની પૂછપરછના આધારે તપાસ તેજ કરવામાં આવી છે. યુવક જાતે નહેરમાં કૂદ્યો કે પછી તેને ધક્કો મારી દેવામાં આવ્યો? કે પછી આ કોઈ સુનિયોજિત કાવતરાનો ભાગ છે? આવા સવાલો પંથકમાં ચર્ચાનો વિષય બન્યા છે. પોલીસ તમામ સંભાવનાઓને ધ્યાનમાં રાખી તપાસ આગળ ધપાવી રહી છે. આ ઘટનાને લઈને ગામ અને આસપાસના વિસ્તારમાં ચિંતાનો માહોલ છે. પરિવારજનો ન્યાયની અપેક્ષા સાથે સત્ય બહાર આવે તેવી રાહ જોઈ રહ્યા છે.

# ભરૂચ શહેરના સુઆયોજિત વિકાસને નવી ગતિ મળશે

**બૌડાની** 31મી બોર્ડ બેઠકમાં રૂ.33 કરોડનાં વિકાસકામોને સૈદ્ધાંતિક મંજૂરી

ભરૂચ: બૌડાના ચેરમેન અને કલેક્ટરના અધ્યક્ષ સ્થાને 31મી બોર્ડ બેઠકમાં ભરૂચના શહેરી વિસ્તારના વિકાસ માટે અનેક મહત્ત્વના અને ભવિષ્યલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે. આ બેઠકમાં નગરજનો માટે માળખાગત સુવિધા આપવા કુલ રૂ.33 કરોડનાં કામોને સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

સરકાર દ્વારા મંજૂર કરાયેલી ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં.17C (તવરા) અંતર્ગત નગર રચના અધિકારીને આયોજનલક્ષી સૂચનાઓ આપવાની મંજૂરી અપાઈ છે. આ સ્કીમ હેઠળ 28.34 હેક્ટર જમીન પૈકી આર્થિક નબળા વર્ગ (EWS) ના લોકો માટે આવાસ, સાર્વજનિક બાગ-બગીચા અને મનોરંજનનાં સ્થળો, સામાજિક માળખાગત સુવિધાઓ માટે પ્લોટ્સ ફાળવવામાં આવશે અને ઉમરાજ અને નંદેલાવમાં નવી ૩ ટી.પી. સ્કીમ માટે પ્લાનિંગ પૈકી શહેરના વિસ્તારને વધારવા અને સુઆયોજિત ડેવલપમેન્ટ માટે ઉમરાજ અને નંદેલાવની 323.88 હેક્ટર જમીનમાં કુલ 3 મુસદ્દારૂપ નગરરચના યોજના (TP Scheme) બનાવવાનો ડ્રાફ્ટ જાહેર કરવામાં આવ્યો છે. આ નિર્ણયથી ભવિષ્યમાં આ વિસ્તારોમાં રસ્તા, ડ્રેનેજ અને લાઈટિંગ જેવી સુવિધાઓ સરળ બનશે. ટ્રાફિકની સમસ્યા હળવી કરવા નવા રોડના નિર્માણની મંજૂરી માટે બે મહત્ત્વના માર્ગો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઉમરાજ વિસ્તારમાં પણ તુલસી હોમ્સથી 60.00 મીટર ડી.પી. રોડ સુધીનો 2.63 કિ.મી. લાંબો રોડ, તવરા વિસ્તારમાં જી પ્રવેશ બંગલોઝની બાજુમાંથી પસાર થતો અને ઝનોર-શુકલતીર્થ-તવરા રસ્તાને જોડતો 18.00 મીટર પહોળાઈનો ટી.પી. રોડ, નર્મદા મૈયા બ્રિજ નીચે આવેલા બૌડા સર્કલથી શીતલ સર્કલ સુધીના રિપેરિંગ અને રિનોવેશનની કામગીરી, માતરિયા તળાવ ગાર્ડનમાં આવેલી સ્કેટિંગ રિંગ, કમ્પાઉન્ડ વોલ, પેવર બ્લોક તથા અન્ય રિપેરિંગની કામગીરી, બોર્ડ બેઠકના અધ્યક્ષ અને કલેક્ટર ગૌરાંગ મકવાણાએ અધિકારીઓને સૂચનો આપતાં જણાવ્યું હતું કે, આ વિકાસકામોથી ભરૂચ અને અંકલેશ્વર વચ્ચેના વિસ્તારોમાં આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે અને ટ્રાફિક વ્યવસ્થા વધુ સુગમ બનશે.

## અમેરિકા-ભારત ટ્રેડ ડીલ સામે ભરૂચમાં AAPનો સખત વિરોધ




ભરૂચ: ભરૂચ જિલ્લા આમ આદમી પાર્ટીએ અમેરિકા-ભારત ટ્રેડ ડીલ મુદ્દે કલેક્ટરને આવેદનપત્ર પાઠવી વિરોધ નોંધાવ્યો છે. જિલ્લા પ્રમુખ પીયૂષ પટેલની આગેવાનીમાં અપાયેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, આ ટ્રેડ ડીલ દેશના સાર્વભૌમત્વ, આર્થિક નીતિ અને કૃષિ ક્ષેત્રે ખૂબ જ મોટા ગંભીર પડકારો ઊભા કરે છે. અમેરિકા સાથે થયેલી આ ટ્રેડ ડીલના કારણે ખેતી, પશુપાલન, ટેક્સટાઈલ અને હીરા ઉદ્યોગ સહિતના અનેક ક્ષેત્રોનું ભવિષ્ય જોખમમાં મુકાઈ શકે છે. જો ડેરી ઉત્પાદનોને ઝીરો ઇમ્પોર્ટ ડ્યૂટી સાથે ભારતમાં આયાત કરવાની છૂટ આપવામાં આવે તો તે દેશના પશુપાલકો માટે ઘાતક સાબિત થવાની સંપૂર્ણ ભીતિ દેખાઈ રહી છે. જો ટ્રેડ ડીલ રદ કરવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી કાર્યક્રમો અને આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.

# ઝઘડિયાની કંપનીમાં 20 ફૂટ ઊંચેથી પટકાતાં મેનેજરનું મોત

ભરૂચ, ઝઘડિયા: ઝઘડિયા GIDCમાં એક કંપનીના પ્લાન્ટની છત પરથી આશરે 20 ફૂટ નીચે પટકાતાં કંપનીના મેનેજરનું મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, ઝઘડિયા GIDCમાં આકાશ પોલિફિલ્મ કંપનીમાં પ્લાન્ટની છત પર કામદારો દ્વારા મરામત કે અન્ય કામગીરી ચાલી રહી હતી. આ દરમિયાન કામગીરીનું નિરીક્ષણ કરવા માટે કંપનીના મેનેજર જીગ્નેશ પ્રમોદલાલ નાયક (રહે. મક્તમપુર, ભરૂચ) પ્લાન્ટની છત પર ગયા હતા. તે દરમિયાન કમનસીબે ત્યાં લાગેલી એક ફાઈબરની શીટ અચાનક તૂટી પડતા જીગ્નેશભાઈ આશરે 20 ફૂટ જેટલી ઊંચાઈએથી જમીન પર પટકાયા હતા.

ગંભીર રીતે ઈજાગ્રસ્ત જીગ્નેશભાઈને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ત્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર ઘટના સંદર્ભે ઝઘડિયા GIDC પોલીસે અકસ્માત મોત દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# 'ગેમ બજાવી દઈશ'ની બૂમો પાડતો ટપોરી પાણીની ટાંકીમાંથી ઝડપાયો

**ભરૂચમાં** મધરાતે હાઈવોલ્ટેજ ડ્રામા, એકતરફી પ્રેમમાં પાગલ શખ્સને લોકોએ મેથીપાક ચખાડ્યો

**યુવતીને** ધમકી આપી શૂરવીર બનતો ટપોરી જળચર બની ટાંકીમાં સંતાયો

ભરૂચ: ભરૂચમાં ગત મોડી રાત્રે એકતરફી પ્રેમમાં પાગલ બનેલા એક શખ્સને સ્થાનિક રહીશોએ પાણીની ટાંકીમાંથી શોધી તેની ખાતીરદારી' કરી પોલીસને હવાલે કર્યો હતો. લોકોનું ટોળું ભેગું થઈ જતા આરોપી ડરના માર્યો મકાનના ધાબા પર આવેલી પાણી ભરેલી ટાંકીમાં ઊતરી ગયો હતો.

ભરૂચની એક સોસાયટીમાં રહેતી પીડિતાને તેના પ્રથમ પતિનો મિત્ર જિગ્નેશ મનહર ઠાકોર (રહે.,શિવકૃપા સોસાયટી, ભરૂચ) છેલ્લા ઘણા સમયથી ત્રાસ આપી રહ્યો હતો. આરોપી મહિલા સાથે બળજબરીપૂર્વક ફોટા પડાવવા દબાણ કરતો હતો અને જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી બીભત્સ માંગણીઓ કરતો હતો. ગત મહાશિવરાત્રિ પર્વે જિગ્નેશે મહિલાને શિવમંદિરે મળવા માટે દબાણ કર્યું હતું, પરંતુ ડરેલી મહિલા ત્યાં ન જતાં ઉશ્કેરાયેલા જિગ્નેશે ફોન પર જ તેને પતાવી દેવાની ધમકી આપી હતી. આ ધમકીથી ગભરાયેલી મહિલા પોતાનું ઘર બંધ કરી અન્ય સુરક્ષિત સ્થળે ચાલી ગઈ હતી, જેના કારણે આરોપીનો પીત્તો આસમાને પહોંચ્યો હતો. દરમિયાન જિગ્નેશ ઠાકોર મોડી રાત્રે મહિલાના બંધ ઘરે પહોંચી ગયો હતો અને જોરજોરથી દરવાજા ખખડાવી હોબાળો મચાવ્યો હતો. રાત્રિના સુમારે અવાજ થતાં આસપાસના રહીશો જાગી ગયા હતા અને કોઈ ચોર ઘૂસ્યો હોવાની શંકાએ લાકડીઓ સાથે એકઠા થઈ ગયા હતા. લોકોના ટોળાને જોઈ જિગ્નેશ ગભરાઈને મહિલાના મકાનના ધાબા પર ચઢી ગયો હતો. પરંતુ આખરે ફરિયાદીના મકાનની પાણી ભરેલી ટાંકીમાં તપાસ કરતાં તે અંદર ગળાડૂબ પાણીમાં લપાયેલો મળી આવ્યો હતો. રોષે ભરાયેલા લોકોએ તેને ટાંકીમાંથી બહાર કાઢી સારો એવો મેથીપાક ચખાડ્યો છતાં નશો ઉતાર્યો ન હતો અને ભરૂચ એ ડિવિઝન પોલીસને જાણ કરી હતી.

વાયરલ થયેલા વિડીયોમાં તે જાહેરમાં 'એની ગેમ બજાવી દઈશ' અને 'હા ભાઈ હા, એનું પીલ્લું વાળી દઈશ' જેવી ખુલ્લી ધમકીઓ આપતો સંભળાય છે, જે ફરિયાદીના જીવ પરનું જોખમ સૂચવે છે. આ ગંભીર ઘટના અંગે ભરૂચ એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાતાં પોલીસે એટ્રોસિટી, છેડતી અને જાનથી મારી નાંખવાની ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ ભરૂચ DYSP સી.કે.પટેલ ચલાવી રહ્યા છે.

## બકરાંના વાંકે કાકાએ ભત્રીજાને માર માર્યો

ભરૂચ: ભરૂચના કરમાડ ગામે નવી નગરી વિસ્તારમાં રહેતો આદિલ સલીમ મક્કન બપોરે નમાજ પઢવા ઘરના દાદરા ઊતરી રહ્યો હતો. તે સમયે તેણે જોયું કે ઘરના આંગણામાં બકરાંએ ગંદકી કરી હતી. આ બાબતે તેણે મકાનની નીચે જ રહેતા તેના કાકા ઈરફાન ઈસ્માઈલ મક્કન પાસે જઈને ટકોર કરી હતી કે તમારા બકરા આંગણામાં ગંદકી કરે છે, તે સાફ કરાવો. આ સાંભળી કાકા ઈરફાને આવેશમાં આવી બેટ લાવી આદિલ પર હુમલો કરી દીધો હતો, જેમાં આદિલને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત આદિલે બુમરાણ મચાવતા આસપાસના લોકો દોડી આવ્યા હતા અને તેને વધુ માર ખાતા બચાવ્યો હતો. હુમલા બાદ પણ કાકાએ અપશબ્દો બોલી ધમકી આપી હતી કે જો હવે પછી આવી રીતે ટોક-ટાક કરશે તો જાનથી મારી નાંખીશ. ઈજાગ્રસ્ત આદિલ મક્કનને સારવાર અર્થે ભરૂચની હોસ્પિટલમાં ખસેડાયો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરના કાપોદ્રામાં સ્માર્ટ મીટર સામે વિરોધ

અંકલેશ્વર: કાપોદ્રા વિસ્તારમાં આવેલી સન વીલા સોસાયટીમાં ડીજીવીસીએલના કર્મચારીઓ સોસાયટીમાં જૂના મીટરની જગ્યાએ સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી આરંભી હતી. જોકે સોસાયટીના રહીશોના વિરોધનો સામનો વીજકર્મીઓએ કરવો પડ્યો હતો. રહીશોનો આક્ષેપ છે કે સરકારે એવો કોઈ સ્પષ્ટ પરિપત્ર જાહેર કર્યો નથી જેમાં સ્માર્ટ મીટર ફરજિયાત લગાડવા અંગેનો ઉલ્લેખ હોય, છતાં વીજકર્મીઓ ધમકીભર્યા સ્વરે મીટર બદલવાની કામગીરી કરી રહ્યા છે. રહીશોનું કહેવુ છે કે અગાઉથી યોગ્ય માહિતી અને લેખિત નોટિસ આપ્યા વગર મીટર બદલવાની કાર્યવાહી હાથ ધરાતા અસંતોષ ફેલાયો છે.

### બારડોલીના વાંકાનેર ગામમાંથી 7 જુગારી ઝડપાયા, 3 ફરાર

બારડોલી: બારડોલી ગ્રામ્ય પોલીસને બાતમી મળી હતી કે, વાંકાનેર ગામે વાડી ફળિયામાં સમીરભાઈ રાઠોડના ઘરની સામે આવેલા સ્ટ્રીટ લાઇટના અજવાળે કેટલાક ઇસમો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે સ્થળ પરથી પરેશભાઈ રાજુભાઈ રાઠોડ (વાડી ફળિયું, વાંકાનેર, તા.બારડોલી), હિતેશભાઈ છીબાભાઇ રાઠોડ (પીર ફળિયું, ધામડોદ લુંભા, તા. બારડોલી), અમિતકુમાર ગોકુળભાઈ વસાવા (કાલીબસ્તી, બાબેન, તા.બારડોલી), દિપકભાઈ ચંદુભાઈ હળપતિ (ધામડોદ લુંભા, તા.બારડોલી), પ્રકાશભાઈ ઠાકોરભાઈ ચૌધરી (નવી કીકવાડ, તા.બારડોલી), અંકુરભાઈ અનિલભાઈ હળપતિ (વાડીફળિયું, વાંકાનેર, તા.બારડોલી) અને નાનુભાઈ છગનભાઈ હળપતિ (રહે., આશ્રમ ફળિયું, વાંકાનેર, તા.બારડોલી)ની ધરપકડ કરી છે. જ્યારે શંકરભાઈ રાઠોડ, પિયુષભાઈ રાઠોડ અને અક્ષયભાઈ હળપતિને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. પોલીસે તપાસ દરમિયાન જુગારના દાવ પરથી રોકડા રૂ. 3,000 અને પકડાયેલા આરોપીઓની અંગઝડતી લેતા અન્ય રૂ. 10,600 મળી કુલ રૂ. 13,600નો મુદ્દામાલ અને ગંજીપત્તા જપ્ત કર્યા છે.

### ઈલાવના પારસી પેલેસમાં ચોરી કરનારા ચાર ખેતમજૂર ઝડપાયા



ભરૂચ: હાંસોટ તાલુકાના ઇલાવ ગામે લગભગ એક વર્ષ પહેલા પારસી બાવાજીના સદી પુરાણા બંધ પડેલા પેલેસને તસ્કરોએ ટાર્ગેટ બનાવી રોકડ રકમ, ચાંદીના ઘરેણાં મળી કુલ રૂ.1.36 લાખના મુદ્દામાલની ચોરી કરી હતી. પોલીસે આ ગુનામાં શેરડી કાપનારા ચાર મજૂરને ઝડપી પાડ્યા છે. હાલમાં મુંબઈમાં રહેતા ઘન બહેરામ એડલજી પાલમકોટનો ઈલાવ ગામે વડીલોપાર્જીત સદી પુરાણો પેલેસ છે. ગત 29 જાન્યુઆરી 2025ના રોજ જ્યારે માલિક પેલેસની ચાવી લેવા માટે ઈલાવ આવ્યા, ત્યારે ચોરીની ઘટના સામે આવી હતી. તસ્કરો તિજોરીમાંથી 20,000/- રોકડા અને ચાંદીના ઘરેણાં સહિત કુલ 1.36 લાખની મતાની ચોરી ગયા છે. પોલીસે તપાસ હાથ ધરી ચાર આરોપીની ધરપકડ કરી છે. જેમાં આરોપી પૈકી વનસીંગ ડેબા ઠાકરે, ગોવિંદ મોસુ વલવી, આનંદા ઉર્ફે અનોદ કુરાસા તડવી અને વસંત ઉર્ફે વસીયો હોમા વલવીનો સમાવેશ થાય છે. ચોરીને અંજામ આપી મુદ્દામાલ વતનમાં છુપાવી દેતા હતા.

### સોનગઢથી સાદડકૂવા જતો મુખ્ય માર્ગ બિસમાર



સોનગઢ: સોનગઢ કિલ્લા પાસેથી સાદડકૂવા તરફ જતો રસ્તો છેલ્લા ઘણા વર્ષોથી અત્યંત બિસ્માર અવસ્થામાં ફેરવાઈ જતાં સ્થાનિક રહિશો અને વાહનચાલકોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. આ માર્ગ માત્ર સાદડકૂવા જ નહીં, પરંતુ બેડવણ, આછલવા, આમજી નિશાળા, અગાસવાણ અને વ્યારા જેવા મહત્ત્વનાં ગામોને જોડતી મુખ્ય કડી છે, જે હાલમાં રાહદારીઓ માટે માથાનો દુખાવો સાબિત થઈ રહ્યો છે. આ રસ્તાનું મહત્ત્વ એટલે વધુ છે કે સોનગઢ ખાતે અનેક મહત્ત્વની સરકારી કચેર વિસ્તારમાં આવેલી છે. દરરોજ સેંકડો નોકરીયાત વર્ગ અને અરજદારો આ માર્ગનો ઉપયોગ કરે છે. મોટા ખાડાઓને કારણે અકસ્માતનો ભય સતત સતાવી રહ્યો છે.

## કોસંબા નજીક ચાલુ ટ્રેનમાંથી પડી ગયેલા અમદાવાદના મુસ્લિમ યુવાનનું મોત

હથોડા: કોસંબા નજીકથી પસાર થતી કોઈ ટ્રેનમાંથી એક અજાણ્યો મુસ્લિમ યુવાન પડી જતા તેનું મોત થયું હતું. બનાવની જાણ થતા રેલવે પોલીસે કોસંબા કેજીએન ટ્રસ્ટને જાણ કરતાં ટ્રસ્ટના મુસ્લિમ યુવાનોએ લાશને ટ્રસ્ટના ગુસલખાને ખસેડી હતી અને મરનાર યુવાનના ફોટા વોટ્સએપ વાયરલ કરતાં મરનાર યુવાન અમદાવાદનો શાહ નવાઝ હોવાનું પરિવાર સાથે વાતચીતમાં ખુલાસો થયો હતો. અમદાવાદનો પરિવાર કોસંબા આવવા માટે નીકળ્યો છે. એ બાદ ફરિયાદ દાખલ કરવામાં આવશે.

# સુરત જિલ્લા એસટી મોરચાના મંત્રી ગણપત રાઠોડનું રાજીનામું

**'એપસ્ટિન** ફાઇલ' ખોલવાની ચીમકીથી નેતાઓમાં ફફડાટ

બારડોલી: સુરત જિલ્લાના બારડોલી રાજકારણમાં અત્યારે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. સુરત જિલ્લા ભાજપ આદિવાસી મોરચાના મંત્રી ગણપત રાઠોડે પક્ષના પ્રાથમિક સભ્યપદ સહિત તમામ હોદ્દા પરથી રાજીનામું ધરી દેતાં સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો છે. વર્ષ-2009થી 2026 સુધી પક્ષમાં સક્રિય રહેલા ગણપત રાઠોડે સંગઠન પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે સુરત જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ ભરતભાઇ રાઠોડને સંબોધીને લખેલા પત્રમાં જણાવ્યું છે કે, છેલ્લાં પાંચ વર્ષથી બારડોલી તાલુકા સંગઠન અને તાલુકા પંચાયતની ટીમ દ્વારા તેમને કોઈ સહકાર મળ્યો નથી. સંગઠનમાં કાર્યકરો પ્રત્યે ભેદભાવ રાખવામાં આવતો હોવાનો સૂર તેમણે વ્યક્ત કર્યો છે. ગણપત રાઠોડે તેમના રાજીનામામાં એક ચોંકાવનારો આક્ષેપ કરતા જણાવ્યું કે, તાજેતરમાં એક કેસમાં તેમને જે સજા થઈ છે, તે માટે પણ તાલુકા પંચાયત અને સંગઠનના હોદ્દેદારો જ જવાબદાર છે. વધુમાં, ભારત નિર્માણ યોજનાના 11.45 લાખ રૂપિયા જેવી માતબર રકમ સત્તા પક્ષ અપાવી શક્યો નથી, જે તેમની નારાજગીનું મુખ્ય કારણ બન્યું છે. જો કે, આ રાજીનામા કરતા પણ વધુ ચર્ચા તેમના દ્વારા સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી ટિપ્પણીઓની થઈ રહી છે. ગણપત રાઠોડે ફેસબુક પર પોસ્ટ કરીને ચીમકી આપી છે કે બારડોલીની પણ એક 'એપસ્ટિન ફાઇલ' છે, જે હવે ધીમે ધીમે ખૂલશે. આ રહસ્યમય ફાઇલના ઉલ્લેખથી સ્થાનિક નેતાઓના પગ તળેથી જમીન સરકી ગઈ છે. તેમના દ્વારા સોશ્યલ મીડિયા પર નેતાઓના નામ લીધા વગર કરવામાં આવી રહેલી ટિપ્પણીઓએ પણ ભારે ચર્ચા જગાવી છે અને લોકો એપસ્ટિન ફાઇલ ક્યારે ખૂલશે તેની રાહ જોઈને બેઠા છે.


# દસ્તાન ગામે બે દંપતીએ પડોશી પરિવારના ત્રણને ઢોરમાર માર્યો

**બાળકોના** રમવાના ઝઘડામાં અગાઉ સમાધાન થઈ ગયું હોવા છતાં લાકડી લઈને તૂટી પડ્યા

પલસાણા: દસ્તાન ગામે શિવસાગર રેસિડેન્સીમાં રહેતા પંકજકુમાર નિરંજનભાઈ ચૌધરી (મૂળ રહે રોહતાસ, બિહાર)એ નોંધાવેલી વિગતો મુજબ, ગત 13 ફેબ્રુઆરીના રોજ તેમના ભત્રીજા મનકુશ અને પાડોશમાં રહેતા રાજકુમાર પાંડેના પુત્ર વિરાજ વચ્ચે રમતા-રમતા ઝઘડો થયો હતો. આ બાબતે અગાઉ બંને પક્ષો વચ્ચે પોલીસમાં સામસામે અરજી પણ થઈ હતી અને અટકાયતી પગલાં લેવાયા હતા. તેની અદાવત રાખીને રવિવારે 15 ફેબ્રુઆરીએ બપોરે રાજકુમાર પાંડે લાકડી લઈને ફરિયાદીના ઘરે ધસી આવ્યો હતો અને ગાળો આપી પંકજકુમારને હાથ, કોણી અને પીઠના ભાગે લાકડીના સપાટા માર્યા હતા. વિષ્ણુ તિવારીએ પંકજને ખેંચીને જમીન પર પાડી દઈ જમણા પગના ભાગે ઈજા પહોંચાડી હતી. ત્યારબાદ પાર્વતીબેન પાંડે અને સોની તિવારીએ પાછળથી લાકડીઓ લઈને આવી ફરિયાદીની માતા ગુડ્ડીદેવીના વાળ ખેંચી ડાબા હાથના ભાગે માર માર્યો હતો. આ હુમલામાં ફરિયાદીના કાકા પ્રમોદભાઈને પણ રાજકુમારે લાકડી મારતા મૂઢ ઈજાઓ થઈ હતી.

રાજકુમાર પાંડે અને વિષ્ણુ તિવારીએ જતાં-જતાં ધમકી આપી હતી કે જો તમારે અહીં શાંતિથી રહેવું હોય તો રહો, નહીંતર તમો ચારેય ભાઈઓને છોડીશું નહીં. પોલીસને 112 નંબર પર ફોન કરી મદદ માંગતા પોલીસ આવતા જોઈ તમામ આરોપીઓ ભાગી છૂટ્યા હતા. ઈજાગ્રસ્તોને સારવાર માટે સુરત બાદ બારડોલી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પલસાણા પોલીસે આ મામલે આરોપી રાજકુમાર શારદાપ્રસાદ પાંડે, વિષ્ણુભાઈ જમનાપ્રસાદ તિવારી, પાર્વતીબેન રાજકુમાર પાંડે અને સોનીબેન વિષ્ણુભાઈ તિવારી (તમામ રહે શિવસાગર રેસિડેન્સી, દસ્તાન, તા. પલસાણા) વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ હેડ કોન્સ્ટેબલ જીતેન્દ્રકુમાર હીરજીભાઈ વસાવા ચલાવી રહ્યા છે.

## ઝાડેશ્વર હાઈવે પર ઓઈલ લીકેજ, વાહનચાલકો લપસ્યા



ભરૂચ: ઝાડેશ્વર સ્વામિનારાયણ મંદિર નજીક નેશનલ હાઈવે નંબર-48 પર મોડી રાત્રે એક ટેન્કરમાંથી ઓઈલ લીકેજ થતાં અનેક ટુ-વ્હીલર ચાલકો સ્લિપ થઈને પટકાયા હતા. ઓઈલના કારણે મોટરસાઈકલ અને મોપેડચાલકોને શારીરિક ઈજાઓ અને વાહનોને પણ નુકસાન થયું છે. કેટલીક મહિલાઓને ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી, પરંતુ ટીમ સમયસર ન પહોંચતા વધુ વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા હતા. જેને કારણે હાઈવે પર થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકો અને રાહદારીઓએ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

# વાસલા ગામે મકાનમાં ભીષણ આગ લાગતાં ઘરવખરી ખાખ




રાજપીપળા: ગરુડેશ્વરના વાસલા ગામ ખાતે મંગળવારે આગ ભભૂકી હતી.

ગરુડેશ્વરના વાસલા ગામ ખાતે મંગળવાર, ૧૭ ફેબ્રુઆરીના રોજ ગામના સરપંચ ફળિયામાં રહેતા ડાયાભાઈ મથુરભાઈ તડવીના મકાનમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. આગ એટલી પ્રચંડ હતી કે જોતજોતામાં ડાયાભાઈના ઘરનો તમામ ઘરવખરીનો સામાન, અનાજ અને અન્ય ચીજવસ્તુઓ સળગીને રાખ થઈ ગયા હતા. સદનસીબે, આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી, જે એક મોટી રાહતની વાત છે. ઘટનાની જાણ થતા જ નર્મદા જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રણજીતસિંહ દિનેશભાઈ તડવી (મહાકાળી) તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે અસરગ્રસ્ત પરિવારની મુલાકાત લઈ આશ્વાસન આપ્યું હતું અને નુકસાનીનું નિરીક્ષણ કરી જરૂરી મદદની ખાતરી આપી હતી.

## સુલતાનપુરા ગ્રા.પં.માંથી 11 સફાઈ કામદારને છૂટા કરાતાં વિરોધ

ભરૂચ: ઝઘડિયા સુલતાનપુરા ગ્રામ પંચાયતમાં કાર્યરત 11 સફાઈ કામદારોને ગેરહાજરીના આક્ષેપ સાથે નોકરીમાંથી દૂર કરવાની માહિતી સામે આવી છે. આ મામલે જિલ્લા મ્યુનિસિપલ સર્વેન્સ અને તહસીલ કમિટીએ કલેક્ટરને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનમાં કહ્યું હતું કે મ્યુનિસિપલ સર્વેન્સના નિયમો અનુસાર યોગ્ય તપાસ અને પ્રક્રિયા વિના આવી છૂટા કરવાની કાર્યવાહી કરવી યોગ્ય નથી.